RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

પ્રજાપંખ
સત્યમેવ જયતે

પ્રજાપંખ- ન્યુઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

ગુજરાતી સાપ્તાહિક- સુરત

વર્ષ-૦૬ અંક- ૩૯ (સુરત) તા.૩૦/૦૬/૨૦૨૬ મંગળવાર તંત્રી- મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના-૦૪ કિંમત ૧/- રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-06, ISSUE-39 SURAT DATE-30/06/2026 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

2 વડોદરામાં પીએમ ઈ-બસ સેવાનો પ્રારંભ, પ્રથમ તબક્કામાં ૩૦ ઇલેક્ટ્રિક બસો દોડશે

2 પલ્સ પોલિયો અભિયાન : વડોદરામાં પ્રથમ દિવસે ૯૧ ટકા બાળકોને પોલિયોની રસી અપાઈ


3 ધી માંગરોળ તાલુકા પ્રાથમિક શિક્ષકોની સહકારી ક્રેડિટ મંડળી માંગરોળ પાંચમી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

3 અમદાવાદ એરપોર્ટ પર સ્નિફર ડોગનો કમાલ: બેંગકોકથી લવાયેલા હાઈડ્રોપોનિક ગાંજાની કરોડોની ખેપ પકડી પાડી

## મંત્રીમંડળમાં ફેરફારની તૈયારી : ધર્મેન્દ્ર શિક્ષણ, નિર્મલા નાણાં ખાતું ગુમાવી શકે

નવી દિલ્હી : નીટ-યુજી પરીક્ષાના પેપર લીકને લઇને કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ ઉઠી રહી છે. એવામાં કેન્દ્રની મોદી સરકાર પોતાના મંત્રીમંડળમાં મોટા ફેરફારો કરવા જઇ રહી છે. એવા અહેવાલો છે કે ધર્મેન્દ્ર પ્રધાન પાસેથી શિક્ષણ મંત્રાલય લઇ લેવામાં આવી શકે છે. જયારે નિર્મલા સિતારામનના સ્થાને અન્યને નાણાં મંત્રાલય સોંપવામાં આવી શકે છે. મોદી સરકારની કેટલીક નીતિઓ સામે ખુલ્લીને વાત કરનારા કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીનું મંત્રાલય પણ બદલાઇ શકે છે.

૨૧ જુલાઇ આસપાસ સંસદનું ચોમાસુ સત્ર શરૂ થઇ શકે છે, આ સત્ર પહેલા જ મોદી સરકાર મંત્રીમંડળમાં મોટા ફેરફાર કરવા જઇ રહી હોવાના અહેવાલો છે. કેટલાક કેબિનેટ મંત્રીઓને ભાજપમાં સંગઠનની જવાબદારી સોંપવામાં આવશે અને તેમના સ્થાને યુવા નેતાઓને મંત્રી બનાવવામાં આવી શકે છે. જે પણ નેતાઓ પાસેથી તેમનું વર્તમાન મંત્રાલય લઇ લેવામાં આવી શકે છે તેમાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામન, શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને હાઇવે ટ્રાન્સપોર્ટ મંત્રી નિતિન ગડકરીનો પણ સમાવેશ થઇ શકે છે. આગામી બેથી ત્રણ દિવસમાં જ મહત્વની બેઠક મળશે જેમાં આ નિર્ણયો લેવામાં આવશે તેવા અહેવાલો છે.



આગામી વર્ષે પંજાબ, ઉત્તર પ્રદેશ, હિમાચલ, ઉત્તરાખંડ, મણિપુર અને ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઇ રહી છે, એવામાં પંજાબને મંત્રીમંડળમાં વિશેષ ધ્યાનમાં રાખવામાં આવી શકે છે. હાલમાં પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરી છે તેમના સ્થાને પંજાબના અન્ય કોઇ કદ્દાવર શીખને મંત્રી બનાવવામાં આવી શકે છે. આ યાદીમાં સૌથી ચર્ચાસ્પદ નામ આપમાંથી ભાજપમાં ગયેલા રાઘવ ચઢ્ઢાનું છે જેઓ હાલ પંજાબમાં સક્રિય છે અને પોતાની પૂર્વ પાર્ટી આપની ભગવંત માન સરકારની ટીકા કરી રહ્યા છે.

અન્ય એક મોટો ફેરફાર પક્ષ કે રાજકારણ બહારની વ્યક્તિને સામેલ કરવાનો હોઇ શકે છે. જેમાં આરબીઆઇના પૂર્વ ગવર્નર અને હાલમાં પીએમ મોદીના મુખ્ય સચિવ શક્તિકાંત દાસનો સમાવેશ થઇ શકે છે. તેમને કેબિનેટમાં કોઇ મોટું સ્થાન આપવામાં આવી શકે છે. આર્થિક બાબતે તેમનું યોગદાન જોઇને નાણા મંત્રાલય આપવામાં આવી શકે છે. સહયોગી પક્ષો જેમ કે જદ (યુ) માંથી બિહારના પૂર્વ સીએમ નિતિશ કુમાર, મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેના પુત્ર શ્રીકાંત શિંદે, મમતાના પક્ષ તૃણમુલ કોંગ્રેસને છોડનારા સુખેંદુ શેખર રાય જેવા બળવાખોર નેતાઓને પણ મહત્વ આપવામાં આવી શકે છે.

**ચોમાસુ સત્ર પહેલા મોદી સરકારની નવી ટીમ તૈયાર થઇ શકે છે**

**ગડકરી જેવા વરીષ્ઠ નેતાઓને સંગઠનની જવાબદારી જયારે યુવા વયનાને મંત્રીમંડળમાં સ્થાનની શક્યતાઓ**

**રાઘવ ચઢ્ઢા, નિતિશ કુમાર, શિંદેના પુત્ર, આરબીઆઇના પૂર્વ ગવર્નર શક્તિકાંતના સમાવેશની અટકળો**

## રામ મંદિર દાન ચોરી મામલે મોટી કાર્યવાહી, ૮ આરોપીઓના ઘરે પોલીસના દરોડા




અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં ચઢાવાની ચોરીના મામલામાં પોલીસની તપાસ અત્યંત વેગીલી બની છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના આદેશ પર ગઠિત સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ ના પ્રારંભિક અહેવાલ બાદ પોલીસે રવિવારે વહેલી સવારે ધરપકડ કરાયેલા તમામ આઠ આરોપીઓના નિવાસસ્થાને એકસાથે દરોડા પાડ્યા છે. આ અગાઉ પોલીસ આરોપીઓ પાસેથી ૮૦ લાખ રૂપિયાથી વધુની રોકડ રકમ રિકવર કરી ચૂકી છે, અને હવે તેમની સામે મજબૂત કેસ બનાવવા માટે વધુ પુરાવા અને ગુપ્ત મિલકતોની તપાસ થઈ રહી છે.

રામજન્મભૂમિ પોલીસ સ્ટેશનના પ્રભારી નિરીક્ષક સુમિત શ્રીવાસ્તવના નેતૃત્વમાં પોલીસ ટીમોએ રામધામ સ્થિત સ્વર્ગદ્વાર મહોલ્લામાં રહેતા અને ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયના ખૂબ નજીકના ગણાતા રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ, કૌશલપુરીના અનુકલ્પ મિશ્રા અને રુદૌલીના લવકુશ મિશ્રા સહિત તમામ આરોપીઓના આવાસ પર દરોડા પાડ્યા હતા. ઘણા સ્થળોએ ઘરના દરવાજા ખોલાવવા માટે પોલીસને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. આ દરોડા દરમિયાન પોલીસે આરોપીઓના પરિવારજનો અને પડોશીઓની પણ પૂછપરછ કરીને મહત્વની માહિતી એકત્ર કરી છે. પોલીસ હવે તપાસ કરી રહ્યું છે કે મંદિરમાં નોટો ગણવાની કામગીરીમાં જોડાયા પહેલા આ લોકોની આર્થિક સ્થિતિ કેવી હતી અને હાલ તેમની પાસે કેટલી સંપત્તિ છે.

રામ મંદિર ટ્રસ્ટ દ્વારા નોટોની ગણતરી માટે ખાસ રાખવામાં આવેલા આઠ કર્મચારીઓ- રામશંકર ઉર્ફે ટિન્નુ યાદવ, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, સુભાષ ચંદ્ર શ્રીવાસ્તવ, કરુણેશ પાંડે, મનિષ યાદવ, અવિનાશ શુક્લા અને રમાશંકર મિશ્રા સામે નામજોગ FIR નોંધાવવામાં આવી હતી. ગુનો નોંધાયાના ગણતરીના કલાકોમાં જ પોલીસ આ તમામની ધરપકડ કરી લીધી હતી.

## પેટ્રોલ, ડીઝલ બાદ હવે પાણીની બચત કરવા મોદીની અપીલ



નવી દિલ્હી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ચર્ચિત રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં ફરી એક વખત પેટ્રોલ અને સોના અંગે વાત કરી હતી. આ કાર્યક્રમના ૧૩૫માં એપિસોડમાં દેશવાસીઓને સંબોધતા મોદીએ કહ્યુ હતુ કે હાલ પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ છે તેથી શક્ય હોય ત્યાં સુધી થોડા સમય માટે સોનાની ખરીદીથી બચવામાં આવે. મોદીએ લોકોને ચોમાસા પૂર્વે વરસાદી પાણીની બચત કરવા પણ કહ્યુ છે.

દેશવાસીઓને સંબોધતા મોદીએ લોકોને વિદેશ પ્રવાસ ટાળવા, કાર પૂલિંગને પ્રોત્સાહન આપવા, પેટ્રોલ અને ડીઝલની બચવ કરવા તેમજ સોનાની ખરીદી નહીં કરવાની સલાહ આપી હતી. જયારે ખેડૂતોને રાસાયણિક ખાતરોની જગ્યાએ દેશી ખાતર વાપરવા અને પ્રાકૃતિક ખેતી અપનાવવા કહ્યુ હતુ. અગાઉ પણ મોદીએ આ પ્રકારની અપીલ કરી હતી જેની અસર થઇ રહી છે અને લોકો તેનું પાલન કરી રહ્યા છે તેવો દાવો મોદીએ આ વખતે કર્યો હતો.

મોદીએ કહ્યુ હતુ કે કેટલાક નાગરિકોએ સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યુ કે તેઓએ વિદેશ પ્રવાસને ટાળ્યો છે. લોકો પબ્લિક ટ્રાન્સપોર્ટનો પણ ઉપયોગ કરી રહ્યા છે જેનાથી ઇંધણની બચત થઇ રહી છે. મને એ વાતનો આનંદ છે કે હાલના આ વૈશ્વિક સંકટમાં આપણે ભારતીયો સાથે મળીને સામનો કરી રહ્યા છીએ. મને વિશ્વાસ છે કે આ જ શક્તિ આપણને મજબૂત અને સફળ બનાવશે. અગાઉ મોદીએ પેટ્રોલ, ડીઝલની બચત કરવા કહ્યુ હતુ હવે પાણીનો બચાવ કરવાની પણ લોકોને અપીલ કરી છે. મોદીએ કહ્યુ છે કે નાગરિકોએ વરસાદી પાણીનો બચાવ કરવો જોઇએ.

ગણેશ ઉત્સવ પહેલા મોદીએ લોકોને પ્લાસ્ટર ઓફ પેરિસના સ્થાને માટીની મૂર્તી ખરીદવા અપીલ કરી હતી. આ મૂર્તીને એવી રીતે પધરાવવી કે જેથી પ્રદૂષણ ના થાય.

## પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડો. પી. કે. મિશ્રાએ ૨૦મા સાંખ્યિકી દિવસ ૨૦૨૬ ને સંબોધિત કર્યો

**પ્રજાપંખ**-પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડો. પી. કે. મિશ્રાએ આજે મુખ્ય અતિથિ તરીકે ૨૦ મા સાંખ્યિકી દિવસની ઊજવણીમાં હાજરી આપી હતી. ૨૦ મા સાંખ્યિકી દિવસની ઊજવણીને સંબોધતા ડો. પી. કે. મિશ્રાએ પ્રોફેસર પ્રશાંત ચંદ્ર મહાલનોબિસની જન્મજયંતિ પર તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી, ભારતીય સાંખ્યિકી પ્રણાલીના નિર્માણમાં તેમના પાયાના યોગદાનને યાદ કર્યુ હતુ અને માહિતગાર શાસન માટે મજબૂત આંકડાઓના સ્થાયી મહત્વ પર ભાર મૂક્યો હતો. સાંખ્યિકી અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયને તેના વિઝન ડોક્યુમેન્ટ ૨૦૨૬-૩૧, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (એસડીજી) પરનો પ્રગતિ અહેવાલ અને શ્રમ બજારો તથા અનૌપચારિક સાહસોના પ્રથમ શહેર-સ્તરના અંદાજો બહાર પાડવા બદલ અભિનંદન આપવાની સાથે તેમણે પ્રોફેસર અરૂપ બોઝને સુખાત્મે નેશનલ એવોર્ડ મેળવવા બદલ સન્માનિત પણ કર્યા હતા.




**ડો. પી. કે. મિશ્રાએ ડેટાની ગુણવત્તા, ગોપનીયતા, પારદર્શિતા અને સ્વતંત્રતાના ઉચ્ચ ધોરણો સુનિશ્ચિત કરવા માટે મજબૂત સંસ્થાકીય માળખાં બનાવવાના પ્રયાસોને યાદ કર્યા**

ડેટા આધારિત શાસન અને વિકસિત ભારત @ ૨૦૪૭ અંગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝન પર પ્રકાશ પાડતા ડો. મિશ્રાએ કહ્યું, આ વર્ષના સાંખ્યિકી દિવસની થીમ, 'વહીવટી ડેટાની ક્ષમતાને અનલોક કરવી' (અનલોકિંગ ધ પોટેન્શિયલ ઓફ એડમિનિસ્ટ્રેટિવ ડેટા) એ ભારતની સાંખ્યિકી ઇકોસિસ્ટમ અને પુરાવા-આધારિત નીતિ ઘડતરને મજબૂત કરવા તરફનું એક પરિવર્તનકારી પગલું દર્શાવે છે. જે ખૂબ જ પ્રાસંગિક અને સમયસર છે.

સાંખ્યિકી ક્ષેત્રે ભારતના અગ્રણી રોલને યાદ કરતા ડો. પી. કે. મિશ્રાએ જણાવ્યુ હતુ કે દેશે ૧૯૫૦ના દાયકામાં વિશ્વની સર્વશ્રેષ્ઠ સર્વે-આધારિત સાંખ્યિકી પ્રણાલીઓમાંથી એકનું નિર્માણ કર્યું હતું, જેમાં નેશનલ સેમ્પલ સર્વે એક વૈશ્વિક સ્તરે પ્રશંસનીય મોડેલ તરીકે ઉભરી આવ્યું હતુ જેણે વિકાસશીલ વિશ્વમાં સંશોધન અને નીતિ નિર્ધારણને આકાર આપ્યો હતો. તેમણે રેખાંકિત કર્યુ કે, ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ અને 'સંખ્યા' જર્નલની સ્થાપના કરનાર પ્રોફેસર પી. સી. મહાલનોબિસના દૂરંદેશી યોગદાને ભારતમાં આધુનિક સાંખ્યિકી વિજ્ઞાનનો પાયો નાખ્યો અને તેમના વિચારોએ બીજી પંચવર્ષીય યોજનાને પ્રેરણા આપી હતી. પોતાના શૈક્ષણિક અનુભવને યાદ કરતા ડો. મિશ્રાએ નોંધ્યું કે ભારતીય સાંખ્યિકી ડેટા અને પદ્ધતિઓ લાંબા સમયથી અગ્રણી આંતરરાષ્ટ્રીય સંશોધકો દ્વારા મૂલ્યવાન ગણવામાં આવી છે અને તેમણે પ્રોફેસર સી. આર. રાવ અને પ્રોફેસર પી. વી. સુખાત્મે જેવા પ્રખ્યાત આંકડા શાસ્ત્રીઓના સ્થાયી યોગદાનને શ્રદ્ધાંજલિ આપી હતી, જેમનું અગ્રણી કાર્ય વૈશ્વિક સ્તરે આ વિષયને પ્રભાવિત કરવાનું ચાલુ રાખે છે. ભારતની સાંખ્યિકી પ્રણાલીના આધુનિકીકરણ અંગે વાત કરતા ડો. પી. કે. મિશ્રાએ સ્વીકાર્યું કે દાયકાઓની શ્રેષ્ઠતા પછી, આ પ્રણાલીએ જૂના ડેટાસેટ્સ, ડેટા પ્રસારણમાં વિલંબ, ખંડિત સાંખ્યિકી માળખું, અસમાન ડેટા ગુણવત્તા અને ઘટતી વ્યાવસાયિક ક્ષમતા સંબંધિત પડકારોનો સામનો કરવો પડ્યો હતો. તેમણે ઉમેર્યું કે, આ ચિંતાઓએ સાંખ્યિકી અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા નિષ્ણાતો, મુખ્ય સંસ્થાઓ અને હિતધારકો સાથે વ્યાપક પરામર્શ દ્વારા એક વ્યાપક સુધારા પ્રક્રિયા હાથ ધરવા પ્રેરણા આપી હતી. આ ચર્ચાઓના આધારે, MoSPI એ સંસ્થાકીય દેખરેખ પદ્ધતિ હેઠળ સમયબદ્ધ અમલીકરણ માટે ૨૧૬ ભલામણોનો સ્વીકાર કર્યો હતો.

## મકાન મળવામાં મોડું થાય તો ગ્રાહક પઝેશન લીધા બાદ પણ બિલ્ડર પાસેથી વળતર માગવાનો હકદાર: સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે ઘર ખરીદનારાઓના હિતમાં એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સુપ્રીમે એવી સ્પષ્ટતા કરી છે કે મકાનનો કબજો મળી જાય પણ સોંપવામાં મોડું થયું હોય તો તેવી સ્થિતિમાં ઘર ખરીદનારા આ વિલંબ બદલ વળતર માગવાને હકદાર છે. અનેક એવા મામલા રેરા કે ગ્રાહક સુરક્ષા ફોરમમાં પેન્ડિંગ છે કે જેમાં રૂપિયા ચુકવવા છતા મકાન નથી સોંપાતું, એવામાં સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલો આ ચુકાદો મકાન ખરીદનારા તેમજ



આવા પેન્ડિંગ મામલા સાથે જોડાયેલા લોકોને મોટી રાહત આપશે. ૨૦૧૬માં રાષ્ટ્રીય ગ્રાહક કમિશન દ્વારા ગ્રાહકની માગ ફગાવતો જે નિર્ણય લેવાયો તેને સુપ્રીમ કોર્ટે રદ કરી નાખ્યો સાથે જ એવી સ્પષ્ટતા કરી હતી કે જો કોઇ મકાન ખરીદનારને મકાન મળવામાં મોડું થયું હોય તો તે પઝેશન લીધા બાદ પણ બિલ્ડર પાસેથી વળતરની માગણી કરી શકે છે. આ તેનો અધિકાર છે. માત્ર ચાવી મળી જવા માત્રથી ગ્રાહકોનો વળતર મેળવવાનો કાયદાકીય અધિકાર ખતમ નથી થઇ જતો. કોઇ ગ્રાહકે ફ્લેટની ખરીદી કરી હોય અને તેને નક્કી કરાયેલી સમય મર્યાદામાં સોંપવામાં ના આવે બાદમાં મકાન સોંપવામાં આવે તો પછી પણ અગાઉ જે મોડું થયું તેનું વળતર માગવાનો ગ્રાહકને હક છે.

## અનંત અંબાણી તિરુપતિ બાલાજીના ચરણોમાં નતમસ્તક, દર્શન બાદ ૨૭.૫ કરોડની મોંઘી ભેટ આપી




રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનંત અંબાણીએ તિરૂમલા સ્થિત ભગવાન શ્રી વેંકટેશ્વર સ્વામી (તિરૂપતિ બાલાજી) ના મંદિરે દર્શન કરીને એક મોટો સેવા સંકલ્પ લીધો છે. રવિવારે વહેલી સવારે મંદિરમાં સુપ્રભાત સેવા દરમિયાન ભગવાનના દર્શન કર્યા બાદ, તેમણે તિરૂમલા તિરૂપતિ દેવસ્થાનમ ને અંદાજે રૂ.૨૭.૫ કરોડની કિંમતની ૨૫ હાઇટેક ઇલેક્ટ્રિક બસો દાનમાં આપવાની જાહેરાત કરી છે. અંબાણી પરિવારની આ પહેલ શ્રદ્ધાળુઓ માટે પરિવહન સુવિધા સુધારવાની સાથે પર્યાવરણ સંરક્ષણની દિશામાં પણ એક મોટું પગલુ માનવામાં આવી રહી છે.

અનંત અંબાણીએ જાહેરાત કરી છે કે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ માત્ર અત્યાધુનિક ઇલેક્ટ્રિક બસો જ પૂરી નહીં પાડે, પરંતુ આ બસો ચલાવવા માટે જરૂરી ૫૦ ડ્રાઇવરોના પગાર અને ભથ્થાનો સંપૂર્ણ ખર્ચ પણ પોતે જ વહન કરશે.

આ નિર્ણયથી મંદિર પ્રશાસન પરનો આર્થિક બોજ હળવો થશે અને લાખો ભક્તોને વધુ સુવિધાજનક અને સુગમ યાત્રા મળી શકશે. દર્શન બાદ વૈદિક વિદ્વાનોએ અનંત અંબાણીને આશીર્વાદ આપ્યા હતા અને મંદિર પ્રશાસન દ્વારા તેમને શ્રીવારી તીર્થ પ્રસાદ અને રેશમી વસ્ત્ર ભેટ આપીને સન્માનિત કરાયા હતા.

आज प्रजा पंख मे.....

## अनिश्चता



एक के बाद एक चले जा रहे
अजीज यार दोस्त बिछड़ते जा रहे,
ईश्वर की मेहरबानी हम पे
बोनस में जिये जा रहे !

समय के परे तो हम है नहीं
समय अपना काम करता,
जाना आना हमारे बस नहीं
फिकर हम उसकी करते नहीं !

किस्मत से मिली जिंदगी
उसे उजागर करे हम ,
हार जीत , सुख दुख्ख आते रहते
हर पल नया अनुभव लेते !

तटस्थ हो के जब सोचते
पाना खोना जिंदगी का मक़सद नहीं,
मक़सद तो जी भर के जीना है
ईश्वर के अस्तित्व को समझना है !!

-अश्विन, अटपटा

## વડોદરામાં પીએમ ઈ-બસ સેવાનો પ્રારંભ, પ્રથમ તબક્કામાં ૩૦ ઇલેક્ટ્રિક બસો દોડશે




વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને કેન્દ્ર સરકાર દ્વારા ફાળવાયેલી પીએમ ઈ-બસ સેવાનું આજે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પીએમ ઈ-બસ યોજના હેઠળ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને કુલ ૨૫૦ ઇલેક્ટ્રિક બસો ફાળવવામાં આવનાર છે. પ્રથમ તબક્કામાં ૩૦ ઈ-બસોનું લોકાર્પણ કરીને સેવાની શરૂઆત કરવામાં આવી છે. આગામી તબક્કામાં બાકીની બસો પણ તબક્કાવાર શહેરના વિવિધ રૂટ પર દોડાવવામાં આવશે. પ્રથમ તબક્કામાં ત્રણ મુખ્ય રૂટ નક્કી કરવામાં આવ્યા છે. ઉત્તર-દક્ષિણ રૂટ પર માણેજા, મકરપુરા, સુશેન સર્કલ, લાલબાગ, લક્ષ્મીવિલાસ પેલેસ, નર્મદા ભવન, કાલાઘોડા અને નિઝામપુરા સહિતના સ્ટોપનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પૂર્વ-પશ્ચિમ રૂટ પર ગોત્રી સર્કલ, હરિનગર, ચકલી સર્કલ, કાલાઘોડા, સયાજી હોસ્પિટલ, ન્યાયમંદિર, પાણીગેટ અને સયાજીપુરા એપીએમસી સુધી બસ સેવા ઉપલબ્ધ રહેશે. જ્યારે ત્રીજો રૂટ જેતલપુર બ્રિજથી પાદરા સુધીનો રાખવામાં આવ્યો છે. આ રૂટ પર અકોટા વીરાંજલિ પ્રતિમા, શ્રેણિક પાર્ક, દિવાળીપુરા, ઇસ્કોન મંદિર, સંત કબીર સર્કલ, ભાયલી, લક્ષ્મીપુરા સહિતના સ્ટોપ બાદ પાદરા સુધી બસ સેવા મળશે.

## ઉસ્માન ડેમ્બેલેની હેટ્રિક, નોર્વે મેચ હાર્યું, વર્લ્ડ કપમાં ફ્રાન્સનું વિજયી અભિયાન યથાવત્



ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬માં ફ્રાન્સની વિજયી કૂચ યથાવત રહી છે. સ્ટાર ફોરવર્ડ ઉસ્માન ડેમ્બેલેની વિસ્ફોટક હેટ્રિકના જોરે ફ્રાન્સે નોર્વેને ૫-૧ના મોટા અંતરથી પરાજય આપીને ગ્રુપ સ્ટેજનો શાનદાર અંત કર્યો છે. આ ધમાકેદાર પ્રદર્શન સાથે ડેમ્બેલેએ ગોલ્ડન બૂટની રેસમાં પણ મજબૂત દાવેદારી નોંધાવી દીધી છે, જ્યાં પહેલેથી જ કિલિયન એમબાપ્પે અને લિયોનેલ મેસી જેવા દિગ્ગજો વચ્ચે જંગ જામ્યો છે.

ઉસ્માન ડેમ્બેલે અને કિલિયન એમબાપ્પે જેવા સ્ટાર ખેલાડીઓના કરન્ટ ફોર્મને જોતાં ફ્રાન્સ આ વખતે ટાઇટલ જીતવા માટેનું પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. જો ટીમ આ જ લય જાળવી રાખશે, તો ટૂર્નામેન્ટમાં ફ્રાન્સને રોકવું કોઈપણ ડિફેન્સ માટે લોઢાના ચણા ચાવવા બરાબર સાબિત થશે. પ્રથમ હાફમાં ડેમ્બેલેનો દબદબો: ૧૯૯૪ પછી બન્યો ઐતિહાસિક રેકોર્ડ

## પલ્સ પોલિયો અભિયાન : વડોદરામાં પ્રથમ દિવસે ૯૧ ટકા બાળકોને પોલિયોની રસી અપાઈ

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા તા.૨૮થી ૩૦ જૂન દરમિયાન આયોજિત રાષ્ટ્રીય પલ્સ પોલિયો અભિયાનનો પ્રારંભ ગઈકાલે નવાપુરા અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેયર ગીતાબેન મકવાણાના હસ્તે બાળકોને પોલિયોની રસીના બે ટીપાં પીવડાવી કરાયો હતો. આ અભિયાન હેઠળ શહેરના ૫ સુધીના કુલ ૨,૦૨,૫૫૯ બાળકોને પોલિયોની રસીના બે ટીપાં પીવડાવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

તેના માટે શહેરમાં ૮૬૧ પોલિયો બૂથ, ૯૫ ટ્રાન્ઝિટ પોઈન્ટ અને ૧,૭૨૨ ટીમો કાર્યરત કરવામાં આવી છે.



## રાશીફળ

**મેષ** -સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. બીજા પર વધુ વિશ્વાસ ન કરવો. વ્યાપાર-વ્યવસાય સારો અને લાભદાયી રહેશે. માતા-પિતાનું આરોગ્ય ઠીક રહેશે.

**વૃષભ** -નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં ચિંતનનો યોગ ઉદર વિકારનો યોગ.

**મિથુન**-યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્ય સુખમાં કમી આવશે. નવા સંબંધ બની શકશે. આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. કર્મક્ષેત્રમાં ગહન શોધ સંબંધી વિશેષ યોગ.

**કર્ક** -આવક-ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે. માનસિક અસ્થિરતા દૂર કરો અને કાર્ય સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરો. નવા આર્થિક સાધનો પર કાર્ય થશે. વ્યાપારમાં મુશ્કેલીનો યોગ.

**સિંહ**-નવા સંબંધ બનશે. સત્સંગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. વિશેષ નીતિગત સમસ્યા.વડીલોથી તનાવને કારણે યાત્રા યોગ.

**કન્યા**-યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. દામ્પત્ય સુખમાં કમી આવશે. નવા સંબંધ બની શકશે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થશે. પ્રતિસ્પર્ધામાં વિજય થશે. વેપાર-ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક મળશે.

**તુલા**-સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત જ મળશે. દુસ્સાહસ ન કરવું.

**વૃશ્ચિક** -તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. તમારો આત્મવિશ્વાસ વધશે. કર્મક્ષેત્રમાં વિશિષ્ટ મહત્વપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. ભાગીદાર, જીવનસાથીની સાથે મતભેદ અને યાત્રામાં વિઘ્નનો યોગ.

**ધન**-વિવાદ કે મુકદમાનો નિવેડો થશે. વિદ્યાર્થી પોતાની મહેનતથી આગળ વધશે. વ્યાપાર-વ્યવસાયમાં વૃદ્ધિ થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવી. ઋતુ અનુસાર ખાનપાન કરવું, કુટુંબીજનોના આરોગ્ય પર વિશેષ ધ્યાન આપવું. વ્યાપારમાં ભાગીદારીથી લાભ.

**મકર**-વ્યવસાયિક યાત્રાઓ લાભદાયક રહેશે. ઉત્સાહમાં વૃદ્ધિ થશે. શુભ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. દેશ-વિદેશમાં સંપર્ક વધશે. જીવનસાથી સાથે તનાવ ન રાખવો. વિવાદોમાં વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. શત્રુ પરાસ્ત થશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

**કુંભ**-મનોરંજનમાં સમય પસાર થશે. કોઈ પણ કાર્ય માટે સ્વવિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. અધિકારી વર્ગનો સહયોગ મળશે. અટકેલા કાર્ય સમય પર પૂરા થશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે.

**મીન**-પુરુષાર્થનું પરિણામ તરત મળશે. સમયનો સદુપયોગ આકાંક્ષાઓની પૂર્તિ કરાવશે. પિતાથી વ્યાવસાયિક મુદ્દે ચર્ચા થઈ શકે છે. કુટુંબ-વેપારમાં મતભેદ, ભાગીદારી પર ગહન શોધનો યોગ. જીવનસાથી અને ભાગીદારીથી શુભ કાર્યોનો યોગ.

## કંગનાની ક્વિન ટુનું શૂટિંગ છેલ્લા તબક્કામાં, ડાંડિયારાસનું શૂટિંગ પુરૂ થયું



મુંબઈ : એક સમયે પોતાના કામના જોરે બોલિવૂડમાં ધાક જમાવનારી કંગના રનૌત હાલ નિષ્ફળતાનો સ્વાદ ચાખી રહી છે. તેની તાજેતરમાં રજૂ થયેલી ફિલ્મો બોક્સ ઓફિસ પર નીવડી છે. જેને કારણે તેની આગામી ફિલ્મ ક્વિન ટુ તેની કારકિર્દીમાં મહત્વની પુરવાર થશે તેમ મનાઇ રહ્યું છે.

હાલ ક્વિન ટુનું શૂટિંગ નાયગાંવ વિસ્તારમાં ચાલી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર નાયગાંવમાં ડાંડિયા રાસ અને ઘરની અંદરના સીનો શૂટ કરવામાં આવ્યા હતા.

ડાંડિયારાસના ગીતના શૂટિંગમાં કંગના તથા અન્ય યુવતીઓએ ભાગ લીધો હતો. આ બે મહત્વના સીનનું શૂટિંગ પુરૂ થયા બાદ હવે છ દિવસનું જ કામ બાકી રહ્યું છે.

દિગ્દર્શક વિકાસ બહેલ આ ફિલ્મના શૂટિંગને નિયત સમયપત્રક અનુસાર જુલાઇના પહેલાં અઠવાડિયામાં પુરૂ કરવા માંગે છે. હાલ ફિલ્મનું શૂટિંગ પુરૂ થવા આડે ગણતરીના દિવસો જ બાકી હોઇ ફિલ્મના કળાકારો અને કસબીઓ ઉજવણીના મૂડમાં છે. કંગનાની તાજેતરમાં આવેલી ફિલ્મોમાં તે હિરોઇન તરીકે પ્રભાવશાળી પાત્રોમાં જોવા મળી હતી તેની સામે તે રાણી નામની સામાન્ય યુવતીના લોકપ્રિય પાત્રમાં જોવા મળશે. ક્વિનમાં રાણીનું પાત્ર ભજવ્યા બાદ કંગનાને મોટી પ્રસિદ્ધિ મળી હતી. જો આ ફિલ્મમાં સફળતાનું પુનરાવર્તન કરશે તો કંગના ફરી એકવાર રૂપેરી પડદાંની રાણી બની રહેશે.

# તંત્રી લેખ........

## ઉંમરે આપેલો અનુભવ એ જ માણસની મૂડી

આ પણી પહેલી પાઠશાળા એટલે ઘર. બચપણથી ઘરમાં જે ચાલતું હોય એ જ બાળક શીખે. સંસ્કારો કે કુસંસ્કારો આપોઆપ ભાઈભાંડુઓના કે મા-બાપના વર્તનમાંથી બાળકમાં રોપાય છે. ઘરને એટલે જ સંસ્કારોની પાઠશાળા કહી છે. ઘરમાં ચાલતા તમામ પ્રકારના વ્યવહારો, વાણી અને વર્તનના અનુભવોમાં જ સંતાનના ઘડતરનો આધાર છે.

આગળ જતાં બાળક જયારે માણસ બને છે ત્યારે સમાજ-જીવન અને લોકજીવનમાંથી નિત નવાનવા અનુભવો મેળવે છે ને શીખે છે. એમાંથી સૌથી પહેલો અનુભવ મૂડીનો થાય છે. મૂડી એટલે પૈસો, સંપત્તિ. મૂડી એટલે કે પૈસા વગર તો ડગલુંય ભરાતું નથી. ભવિષ્યમાં અદા કરવાની જવાબદારીને પહોંચી વળવા મૂડી એકઠી કરવી પડે છે. બચત કરવી પડે છે જે આગળ જતાં મૂડી સાબિત થવાની છે.

માણસની કહેવાતી મૂડી લગભગ પચ્ચાસ-પંચાવનની ઉમર થતાં સંતાનોના લગ્ન, ભણતર અને એકાદ બે મકાન તથા વૈભવ પાછળ ખર્ચાઈ જાય છે. પછી થોડીઘણી બચત અને સંતાનોની મદદથી જીવન પસાર થતું હોય છે.

સવાલ એ છે કે, બસ, આટલી જ મૂડી હતી તમારી પાસે ? હવે તમે ખાલી થઈ ગયા છો, એમ લાગે છે... ? શું તમે ઓશિયાળા થઈ ગયા ? આ જ તમારી ભૂલ છે. ખાલી થયા તો ભલે થયા. હવે ભરવાનું ચાલું કરો. વિચારોની સમૃધ્ધિનું વાવેતર કરો. જેટલા કાઢ્યા એટલા વર્ષો કાઢશો એની કોઈ ગેરંટી નથી. ભગવાનનો પાડ માનો કે તમે કોરોનામાં બચી ગયા. નહિ તો ક્યારનાય ભીંતે લટકીને ધૂળ ખાતા હોત, તમારા ન હોવાથી કોઈને ફરક નથી પડવાનો. હવે તમારે તમારા વિચારોને વળાંક આપવો પડશે. આગળ જતાં એ જ રસ્તે જીવનજીવવાની જડીબુટ્ટી મળી શકે એમ છે.

જે જે ઉંમરે જે જે કરવાનું હોય તે તમે સુપેરે અદા કર્યું. ધીરેધીરે તમે અનુભવી બનતા ગયા અને જિંદગીના પડાવોને માણતા રહ્યા. સાથોસાથ તમે પણ બદલાતા ગયા. પહેલા જેવા તમે અત્યારે નથી લાગતા. કોઈ કાકા ય કહે ને દાદા પણ કહે, કોઈ ટાલિયો કહે ને ડોસલો પણ કહે. તો પણ તમારામાં કોઈ ફરક ન પડવો જોઈએ. કેમ કે તમારા અનુભવે, તમારી જિંદગીની સફરે તમને શીખવ્યું છે કે પરિવર્તન સંસારનો નિયમ છે.

હવે મહત્વનો સવાલ આવે છે કે તમે તમારી જિંદગીમાંથી શું શીખ્યા ? શું માત્ર પૈસા જ કમાવવા અને એકઠા કરવા એ જ તમે શીખ્યા...? સ્વાર્થ-લોભ અને મોહમાંથી અનાસક્ત થવાનું તમે ના શીખ્યા...? અનીતિ, બેઈમાની, દગો-પ્રપંચ, કાવાદાવા, ઈર્ષા-અદેખાઈ, આડંબર અને રોવાગાવાનો કશો જ મતલબ નથી એવું તમારા અનુભવે કીધું ખરા...?!? અરે, માણસ ખુદ એક મૂડી છે.

જે વ્યક્તિ પોતાના જીવતરને તથા જાતને અનહદ ચાહતો હોય, તો પોતાના જિંદગીના અનુભવોમાંથી તે સાચી શાંતિ અને સાચા આનંદની ખોજ કરવા લાગે. માણસની પાસે ઉંમરે આપેલા અનુભવની મૂડી હોય છે. ઉંમરની મૂડી એટલે સાચા-ખોટાની પરખ. વ્યક્તિ હોય, વસ્તુ હોય કે વિચાર હોય માણસનો અનુભવ માણસને અસલિયત બતાવી દે છે. આપણી આજુબાજુ કેટલાય સુખીસંપન્ન લોકો અપાર વૈભવની વચ્ચે પણ મરવાના વાંકે જીવતા હોય છે. સામાન્ય માણસ પણ એમની દયા ખાય. છેલ્લે, અનુભવોમાંથી જ માણસ ઘડાતો હોય છે. આપણા ઘડતરમાં પણ બેશક મા-બાપ અને સમાજ જીવનનો ફાળો છે જ. પણ, અમુક ઘડતર આપણા અનુભવોમાંથી થવું જોઈએ. શું છોડી દેવામાં મજા છે અને શું પકડવા જેવું છે...? આ બે સાચા અનુભવ માણસની જિંદગીને માલામાલ કરી શકે છે.

## કસ્ટમાઇઝ ફૂટવેર શા માટે અત્યંત જરૂરી છે?

પગ શરીરનો પાયો છે. પાયો મજબૂત હશે તો આખું શરીર વધુ સંતુલિત અને આરામદાયક રીતે કાર્ય કરી શકશે. તેથી કસ્ટમાઇઝ ફૂટવેર વૈભવ નહીં, પરંતુ ઘણા લોકો માટે વૈજ્ઞાનિક જરૂરિયાત છે.

* દરેક વ્યક્તિના પગ અલગ હોય છે:
* કોઈના પગ ફ્લેટ હોય છે.
* કોઈના હાઈ આર્ચ હોય છે.
* કોઈના એક પગનો કદ બીજા કરતાં થોડો અલગ હોય છે.
* ચાલવાની પદ્ધતિ પણ દરેકની જુદી હોય છે.

એક જ પ્રકારનું રેડીમેડ ફૂટવેર બધાને સમાન લાભ આપી શકતું નથી.

*દબાણ (Pressure) નું યોગ્ય વિતરણ કરે છે:


ચાલતી વખતે શરીરનું વજન પગના જુદા-જુદા ભાગો પર પડે છે.

**કસ્ટમાઇઝ ફૂટવેર:**

* હાઈ-પ્રેશર વિસ્તારો પરનો ભાર ઘટાડે છે.
* દબાણને સમગ્ર પગમાં સમાન રીતે વહેંચે છે.
* દુખાવો અને ઘસારો ઘટાડવામાં મદદરૂપ બને છે.
* આખી બોડીની એલાઇનમેન્ટ સુધારે છે:

પગ - એન્કલ - ઘૂંટણ - હિપ - કમર - સ્પાઇન આ આખી ચેઇન એકબીજા સાથે જોડાયેલી છે.

જો પગની સ્થિતિ યોગ્ય હોય તો ઉપરના સાંધાઓ પર પડતો અનાવશ્યક તાણ પણ ઓછો થઈ શકે છે.



*ખોટું ફૂટવેર લાંબા ગાળે:

* Plantar fasciitis
* Heel pain
* Metatarsalgia
* Corns અને Calluses
* Achilles tendon પર વધારાનો તાણ

જેવી સમસ્યાઓનું જોખમ વધારી શકે છે. યોગ્ય કસ્ટમાઇઝેશન આ જોખમ ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે.

*ખાસ કરીને:

* ડાયાબિટીસ ધરાવતા લોકો
* ફ્લેટ ફૂટ
* હાઈ આર્ચ
* બનિયન
* હેમર ટોઝ
* લાંબા સમય સુધી ઊભા રહેતા લોકો
* રમતવીરો

આવા લોકો માટે કસ્ટમાઇઝ ફૂટવેર ઘણી વખત માત્ર આરામ નહીં પરંતુ પ્રિવેન્શનનું સાધન બની શકે છે.

*યોગ્ય સપોર્ટ મળવાથી:

* ચાલવામાં ઓછો થાક લાગે,
* ગતિ વધુ કાર્યક્ષમ બને,
* લાંબા સમય સુધી ઊભા રહેવું અથવા ચાલવું સરળ બને.

*ખર્ચ નહીં, લાંબા ગાળાનું રોકાણ



-ડો. અમૃતા જાદવ ચાંપાનેરીયા
Email.-jadav.amruta@gmail.com

પ્રજાપંખ
સત્યમેવ જયતે

સસ્તું પરંતુ ખોટું ફૂટવેર વારંવાર બદલવું પડે અને શરીર પર પણ નકારાત્મક અસર કરી શકે છે. યોગ્ય રીતે ડિઝાઇન કરાયેલ કસ્ટમાઇઝ ફૂટવેર લાંબા ગાળે આરામ, કાર્યક્ષમતા અને પગના સ્વાસ્થ્યમાં મૂલ્યવાન રોકાણ બની શકે છે.

અંતે એટલું જ કહેવું છે કે પગ માત્ર શરીરને ટેકો આપતા અંગ નથી; તેઓ આખા શરીરની બાયોમિકેનિકલ ફાઉન્ડેશન છે. જો ફાઉન્ડેશન ખોટુંહોય, તો તેની અસર ઘૂંટણ, હિપ, કમર અને ગરદન સુધી પહોંચી શકે છે. તેથી કસ્ટમાઇઝ ફૂટવેર માત્ર આરામ માટે નહીં પરંતુ લાંબા ગાળાના સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે.

## શ્રી ગણેશ ઉત્સવ સમિતિ, સુરત શહેરની પ્રથમ બેઠક સંપન્ન

## ધાર્મિક ગૌરવ, સામાજિક સમરસતા અને રાષ્ટ્રભાવનાથી ઉજવાશે શ્રી ગણેશોત્સવ- ૨૦૨૬

**પ્રજા પંખ, સુરતઃ** આવનારા શ્રી ગણેશોત્સવ-૨૦૨૬ ના સફળ અને ભવ્ય આયોજનને ધ્યાનમાં રાખી શ્રી ગણેશ ઉત્સવ સમિતિ, સુરત શહેરની પ્રથમ બેઠક ભવ્ય અને આધ્યાત્મિક વાતાવરણમાં યોજાઈ હતી. બેઠકના અધ્યક્ષ સ્થાને સમિતિના અધ્યક્ષ તથા સ્થાપક ટ્રસ્ટી પરમ પૂજ્ય સ્વામીશ્રી અંબરીશાનંદજી મહારાજ બિરાજમાન રહ્યા હતા.

આ પ્રસંગે સમિતિના ઉપપ્રમુખ પરમ પૂજ્ય ૧૦૦૮ શ્રી મહામંડલેશ્વર મહંતશ્રી સીતારામદાસજી મહારાજ, મંત્રી મહંતશ્રી સ્વામી લક્ષ્મણજયોતિજી મહારાજ સહિત સમિતિના અન્ય ટ્રસ્ટી સંતશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંતશ્રીઓએ પોતાના આશીર્વચનોમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય પર્વના સ્વરૂપે ઉજવાતા શ્રી ગણેશોત્સવ- ૨૦૨૬ દરમિયાન સમગ્ર સુરત શહેરમાં પ્રથમ પૂજ્ય, વિઘ્નહર્તા અને બુદ્ધિના દાતા ભગવાન શ્રી ગણેશજીની આરાધના હિંદુ સંસ્કૃતિની પરંપરા અનુસાર શ્રદ્ધા, ભક્તિ અને ઉમંગ સાથે કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભાદરવા સુદ ચોથ, તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬ (મંગળવાર) ના રોજ શ્રી ગણેશ ચતુર્થી નિમિત્તે ભગવાન શ્રી ગણેશજીની સ્થાપના કરવામાં આવશે અને ભાદરવા સુદ ચૌદસ, તા. ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ (શુક્રવાર) ના રોજ શ્રી અનંત ચતુર્દશીના પવિત્ર દિવસે શ્રી ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરવામાં આવશે. સમિતિ દ્વારા સુરત શહેરમાં શ્રી ગણેશોત્સવને ધાર્મિક ગૌરવ, સામાજિક સમરસતા, રાષ્ટ્રપ્રેમ, સેવાભાવ અને સર્વધર્મ સમભાવના મૂલ્યો સાથે ઉજવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે જ કોમી એકતા, શાંતિ અને




ભાઈચારાના સંદેશ સાથે સમગ્ર શહેરમાં ઉત્સવનું આયોજન કરવામાં આવશે.

શ્રી ગણેશ ઉત્સવ સમિતિ, સુરત શહેર દ્વારા વર્ષોથી અમલમાં મુકવામાં આવતી આદર્શ આચારસંહિતાનું પાલન કરીને ધાર્મિક ગરીમા જળવાઈ રહે તથા ઉત્સવ નિર્વિઘ્ને અને શિસ્તબદ્ધ રીતે પૂર્ણ થાય તે માટે સૌ ગણેશ મંડળો અને આયોજકોને માર્ગદર્શન આપવામાં આવશે. આ પ્રથમ બેઠકનું આયોજન સાંસ્કૃતિક હોલ, વી.ટી. ચોકસી અંગ્રેજી માધ્યમ શાળા, સુમુલ ડેરી રોડ, કતારગામ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. બેઠકમાં સમિતિના સર્વે હોદ્દેદારો, કારોબારી સભ્યો, સંયોજકો, સહ-સંયોજકો તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં અધ્યક્ષ તરીકે પરમ પૂજ્ય સ્વામીશ્રી અંબરીશાનંદજી મહારાજ, ઉપપ્રમુખ તરીકે ૧૦૦૮ શ્રી મહામંડલેશ્વર મહંતશ્રી સીતારામદાસજી મહારાજ, મંત્રી તરીકે મહંતશ્રી સ્વામી લક્ષ્મણજયોતિજી મહારાજ, ખજાનચી તરીકે કથાકારશ્રી અભયકુમાર જાની મહારાજ તેમજ મહંતશ્રી સ્વામી વિશ્વેશ્વરાનંદજી મહારાજ, મહંતશ્રી બટુકગીરી ગિરનારીજી મહારાજ, મહંતશ્રી સ્વામી નિર્મલદેવજી મહારાજ, મહંતશ્રી રામનરેશદાસજી મહારાજ અને મહંતશ્રી અખિલેશદાસજી મહારાજ સહિતના સંતશ્રીઓની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહી હતી.

તદુપરાંત સમિતિના કાર્યકારી પ્રમુખ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમણે પર્યાવરણમૈત્રી ગણેશોત્સવ, સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન, માટીની મૂર્તિઓનો ઉપયોગ અને સામાજિક જવાબદારી સાથે ઉત્સવ ઉજવવાના સંદેશને વધુ મજબૂત બનાવ્યો હતો. બેઠકના અંતે સર્વે ઉપસ્થિત આગેવાનો અને કાર્યકર્તાઓએ શ્રી ગણેશોત્સવ-૨૦૨૬ ને ભવ્ય, દિવ્ય, શિસ્તબદ્ધ, પર્યાવરણમૈત્રી અને સર્વસમાવેશક બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## ધી માંગરોળ તાલુકા પ્રાથમિક શિક્ષકોની સહકારી ક્રેડિટ મંડળી માંગરોળ પાંચમી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

**પ્રજા પંખ, મોટામિયા માંગરોળ:** ધી માંગરોળ તાલુકા પ્રાથમિક શિક્ષકોની સહકારી ક્રેડિટ મંડળી લી. માંગરોળ પાંચ મી વાર્ષિક સાધારણ સભા માંગરોળ સહકાર સદન ખાતે ટીચર સોસાયટીના પ્રમુખ હિતેન્દ્રભાઈ બી ચૌધરી, સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના ઉપપ્રમુખ ઈમરાનખાન પઠાણ, માંગરોળ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી અજીતસિંહ પુનાડા, અશ્વિન સિંહ વાંસીયા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં મળેલ સભામા નીચેના કામો રજુ કરેલ (૧) પ્રમુખશ્રીની વરણી કરવા બાબત. (૨) શોકાંજલી આપવા બાબત (૩) પુષ્પગુચ્છથી સ્વાગત (૪) ગત સાધારણ સભાની મિનિટબુક વાંચનમાં લેવા બાબત. (૫) સને ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષની તારીજ સરવૈયુ તથા નફાની વહેચણી ઠરાવ નં- ૨ અને ઠરાવ નં-૩ તા. ૩૦-૦૪-૨૦૨૬ ના રોજની કારોબારી મા ઠરાવ થયેલ છે. તેની બહાલી આપવા બાબત (૬) સને- ૨૦૨૬-૨૭ થી ૫ વર્ષ માટે નીચેના હોદ્દાની બિનહરીફ વરણી કરવામાં આવેલ પ્રમુખશ્રી હિતેન્દ્રભાઈ બી ચૌધરી માનદ્ મંત્રીશ્રી રાજેન્દ્રસિંહ એન વાસદીયા સહ મંત્રી તરીકે



ઉપેન્દ્રસિંહ યુ ગભાણીયા કારોબારી સભ્ય શ્રી રાજેન્દ્રસિંહ એન ચૌહાણ, અશ્વિનસિંહ વાસિયા, અજીતસિંહ પુનાડા વિપુલકુમાર એ સોલંકી વિજયભાઈ એફ ગામીત ઇલ્યાસભાઈ રાવત ઐયુબ ખાન ખાન પઠાણ હિતેન્દ્રભાઈ એમ ઝાંઝમેરા, વિનોદભાઈ એમ ચૌધરી દિનેશકુમાર આર ગામીત, કુલદીપભાઈ બી ચૌધરી, હેમંતકુમાર એસ ચૌધરી, કલ્પનાબેન પટેલ, નીતાબેન એસ ચૌધરી ઓડિટર જયંતીભાઈ પરમાર ની બીન હરીફ વરણી કરવામાં આવેલ તદુપરાંત અન્ય મુદ્દાઓની ચર્ચા કરવામાં આવેલ જેમાં સને- ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે ચેકો શેર સર્ટિફીકેટો પોહચો તેમજ મંડળીને લગતા તમામ કામકાજની સત્તા મંડળીના પ્રમુખશ્રી અને માનદ મંત્રીશ્રીને આપવા બાબત સને- ૨૦૨૫-૨૬ ના વર્ષનું ઓડિટ મેમાનુ વાંચનમાં લેવા બાબત નિવૃત શિક્ષક સભાસદોનુ સન્માન કરવા બાબત સભાસદ ના બાળકો ધોરણ - ૧૦ અને ૧૨ પાસ થયેલ વર્ષ - માર્ચ - ૨૦૨૬ મા સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમા પ્રથમ ૧ થી ૩ નંબરોને પ્રોત્સાહક ઇનામ આપવા બાબત. ઉપસ્થિત તમામ મહાનુભવાના હસ્તે નવનિયુક્ત હોદ્દેદારો, નિવૃત્ત થનાર સભાસદો તેમજ ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને વિશેષ સન્માન કરવાંમા આવેલ ઉપસ્થિત તમામ બિનહરીફ હોદ્દેદારોને મોહનસિંહ ખેર એ શુભેચ્છા પાઠવેલ હતી.

આભાર વિધિ ઉપેન્દ્રસિંહ ગભાણીયા કરેલ રાજેન્દ્રસિંહ વાસદીયા એજન્ડા મુજબની કાર્યવાહી કરેલ હતી જયારે પ્રમુખશ્રીએ દરેક નો આભાર માનેલ હતો.

## નંદનવન નિવાસી પ્રાથમિક શાળા સેક્ટર-૧૩ ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી

## પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓનું તિલક અને પુષ્પ ગુચ્છથી સ્વાગત

**પ્રજા પંખ ગાંધીનગર** :નંદનવન અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, સે.-૧૩, ગાંધીનગર ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રગતિનો પ્રવેશોત્સવ' ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમ દરમિયાન પહેલા ધોરણમાં પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓનું તિલક, પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.

આ પ્રસંગે વી કેર ફાઉન્ડેશન તરફથી શાળાના તમામ બાળકોને ચોપડાઓનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાનો તરીકે ગાંધીનગર






મહાનગર પાલિકાના જાહેર બાંધકામ સમિતિના ચેરમેન રાજુભાઈ પટેલ, વી કેર ફાઉન્ડેશનના પ્રમુખ અમિતભાઈ પટેલ , પૂર્વ પ્રમુખ ઉમિયા માતા સંસ્થાન ગાંધીનગર ગણેશભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ વી કેર ફાઉન્ડેશન મહેન્દ્રભાઈ પટેલ, ઉમિયા માતા સંસ્થાનના પ્રમુખ અશોકભાઈ પટેલ, વી કેર ફાઉન્ડેશનના ખજાનચી જયંતીભાઈ પટેલ તેમજ વિમેન વેલ્ફેર સોસાયટી ગાંધીનગરના મેનેજિંગ ટ્રસ્ટી ભરતભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

મહાનુભાવોએ વિદ્યાર્થીઓને નિયમિત અભ્યાસ, સારા સંસ્કારો અને જીવનમાં ઉચ્ચ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું. શિક્ષણને જીવનનો મજબૂત પાયો ગણાવી બાળકોને મન લગાવી અભ્યાસ કરવા પ્રોત્સાહિત કર્યા. વી કેર ફાઉન્ડેશનના આ સેવાભાવી ઉપક્રમ બદલ શાળા પરિવાર તથા વિદ્યાર્થીઓ દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

## કાપોદ્રામાં મોઘીદાટ EV કારે સર્જયો ગમખ્વાર અકસ્માત, BRTS ની રેલિંગ તોડી અંદર ઘૂસી ગઈ

સુરત- સુરત શહેરમાં ટ્રાફિક અને સ્પીડ લિમિટના નિયમોના લીરેલીરા ઉડાડતા અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. શહેરના વ્યસ્ત ગણાતા કાપોદ્રા વિસ્તારમાં એક મોંઘીદાટ ઇલેક્ટ્રિક કારના ચાલકે સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવતા ગંભીર અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. કાપોદ્રા ચીકુવાડી પાસેથી પસાર થઈ રહેલી એક લક્ઝુરિયસ ઇલેક્ટ્રિક કાર પૂરપાટ ઝડપે ઇછઝઝ ટ્રેકની રેલિંગ તોડીને અંદર ઘૂસી ગઈ હતી. આ અકસ્માતને પગલે રોડ પરથી પસાર થતા અન્ય વાહનચાલકો અને સ્થાનિક લોકોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. જોકે, સદનસીબે આ ભયાનક અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી નથી.

મળતી માહિતી અનુસાર, કાપોદ્રા ચીકુવાડી ચાર રસ્તા પાસે અચાનક એક કાળા રંગની મહિન્દ્રા કંપનીની મોંઘીદાટ 'એક્સ ઉટ' કારના ચાલકે ગાડીની સ્પીડ પરથી અચાનક નિયંત્રણ ગુમાવી દીધું હતું. કાર ચાલક કંઈ સમજે તે પહેલાં જ કાર રોડની બાજુમાં આવેલા BRTS સેગ્રિગેટર (લોખંડની રેલિંગ) સાથે ધડાકાભેર અથડાઈ હતી.



ટક્કર એટલી જોરદાર હતી કે મજબૂત રેલિંગના કટકા થઈ ગયા હતા અને કાર રેલિંગ તોડીને સીધી BRTS રૂટની અંદર ઘૂસી ગઈ હતી. અકસ્માત એટલો પ્રચંડ હતો કે મોંઘીદાટ કારના આગળના ભાગના કુચ્ચેકુચ્ચા ઊડી ગયા હતા. ગાડીની મજબૂતાઈને લીધે કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો. આ ઘટના બની ત્યારે સદનસીબે BRTS રૂટમાં કોઈ બસ આવી રહી ન હતી, તેમજ ટ્રેકની આસપાસ કોઈ રાહદારી હાજર ન હતો. જો તે સમયે ઇBRTS બસ ત્યાંથી પસાર થઈ હોત અથવા તો કોઈ અન્ય વાહન ચપેટમાં આવ્યું હોત, તો મોટી જાનહાની થવાની પૂરેપૂરી સંભાવના હતી.

## અમદાવાદ એરપોર્ટ પર સ્નિફર ડોગનો કમાલ: બેંગકોકથી લવાયેલા હાઈડ્રોપોનિક ગાંજાની કરોડોની ખેપ પકડી પાડી

અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગની એર ઇન્ટેલિજન્સ યુનિટ એ બેંગકોકથી આવેલા એક મુસાફર પાસેથી ૧૦.૯૧૧ કિલોગ્રામ હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કર્યો છે. નોંધનીય છે કે, થાઇલેન્ડમાં ગાંજાના ઉપયોગને કાયદેસરની માન્યતા મળ્યા બાદ ગુજરાત સહિત ભારતમાં હાઈડ્રોપોનિક ગાંજાની દાણચોરીના બનાવોમાં વધારો થયો છે. મહત્ત્વનું છે કે, આ હાઈડ્રોપોનિક ગાંજાની હેરફેર સ્નિફર ડોગને લીધે ઝડપાઈ હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી અનુસાર, આ સમગ્ર ઘટનામાં કસ્ટમ્સ વિભાગના ટ્રેઇન્ડ સ્નિફર ડોગની ભૂમિકા અત્યંત મહત્ત્વની રહી હતી. રૂટિન ચેકિંગ દરમિયાન જ્યારે કન્વેયર બેલ્ટ પરથી મુસાફરોનો સામાન પસાર થઈ રહ્યો હતો, ત્યારે સ્નિફર ડોગે એક ચોક્કસ ટ્રોલી બેગ પાસે શંકાસ્પદ હલચલ કરી હતી. આ ઈશારો મળતાં જ કસ્ટમ્સ અધિકારીઓએ તુરંત તે બેગના માલિકને અટકાવીને બેગનું એક્સ-રે અને મેન્યુઅલ ચેકિંગ હાથ ધર્યુંહતું. બેગ ખોલતાં તેમાંથી



કપડાંની વચ્ચે ચાલાકીથી સંતાડવામાં આવેલા ૫ સિલ્વર કલરના વેક્યૂમ-સીલ્ડ પેકેટો મળી આવ્યા હતા, જેમાંથી આ તીવ્ર ગંધવાળો ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો.

ઉલ્લેખનીય છેકે, બંધ ઓરડામાં વાતાવરણમાં ઉગાડવામાં આવતો આ હાઈડ્રોપોનિક ગાંજો સામાન્ય ગાંજા કરતાં બજારમાં દસ ગણી વધુ કિંમતે વેચાય છે. કસ્ટમ્સ વિભાગે ડ્રગ્સ ટેસ્ટિંગ કીટ દ્વારા પ્રાથમિક તપાસ કર્યા બાદ, NDPS એક્ટ હેઠળ ડ્રગ્સ જપ્ત કરી આરોપી મુસાફરની ધરપકડ કરી લીધી છે. હાલમાં એર ઇન્ટેલિજન્સ યુનિટ દ્વારા આરોપીના મોબાઈલની કોલ ડિટેઈલ્સના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે કે આ કરોડો રૂપિયાનો ડ્રગ્સનો જથ્થો અમદાવાદ કે ગુજરાતમાં કયા લોકલ પેડલર્સને ડિલિવર કરવાનો હતો.

## ચોમાસામાં વિદ્યાર્થીઓની સુરક્ષા માટે તંત્ર સજ્જ

## ભયજનક અને જર્જરીત ઇમારતોથી બાળકોને દૂર રાખવા DEO નો આદેશ, આચાર્યોને ભારે વરસાદ સમયે રજા જાહેર કરવાની વિશેષ સત્તા

સુરત- ગુજરાત રાજયમાં ચોમાસાની ઋતુના સત્તાવાર આગમન પૂર્વે જ અગમચેતીના ભાગરૂપે વહીવટી તંત્ર દ્વારા વ્યાપક સ્તરે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. રાજ્ય સરકારની પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા વિદ્યાર્થીઓની સુરક્ષા અને સુવિધાને સર્વોચ્ચ અગ્રતા આપીને એક અત્યંત મહત્ત્વપૂર્ણ સત્તાવાર સર્ક્યુલર બહાર પાડવામાં આવ્યો છે.




આ આદેશ અન્વયે તમામ જિલ્લા શિક્ષણ અધિકારીઓને ચોમાસા દરમિયાન વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારની જાનમાલની નુકસાની કે મુશ્કેલી ન પડે તે માટે કડક આદેશો જારી કરવામાં આવ્યા છે. DEO ભગીરથસિંહ પરમારે આ વિષયે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યુ હતુ કે, આ પરિપત્રનો મુખ્ય ઉદ્દેશ્ય સંભવિત આફતો સામે વહીવટી તંત્ર અને શાળાઓને સજ્જ કરવાનો છે, જેથી શૈક્ષણિક કાર્ય પણ પ્રભાવિત ન થાય અને બાળકોની સુરક્ષા પણ જળવાઈ રહે.

શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી નવીનતમ માર્ગદર્શિકા અનુસાર, રાજયની તમામ સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓના પરિસરમાં જો કોઈ પણ ભાગ જર્જરીત કે અતિ ભયજનક અવસ્થામાં જણાશે, તો ત્યાં તાત્કાલિક અસરથી વિદ્યાર્થીઓની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવશે. આવા જોખમી વિસ્તારોને યોગ્ય રીતે કોર્ડન કરવાના આદેશો આપવામાં આવ્યા છે જેથી અજાણતા પણ કોઈ બાળક ત્યાં જઈ ન શકે.

આ ઉપરાંત, શાળાના મેદાનમાં અથવા તેની આસપાસ આવેલા ઘટાદાર વૃક્ષોની નમેલી, સુકાઈ ગયેલી કે નબળી ડાળીઓ કે જે ભારે પવન અથવા વાવાઝોડાને કારણે તૂટી પડવાનું જોખમ ધરાવતી હોય, તેને ચોમાસું શરૂ થાય તે પહેલાં જ વન વિભાગ કે સ્થાનિક તંત્રની મદદથી તાત્કાલિક કાપી નાખવાની સખત કાર્યવાહી હાથ ધરવા માટે આચાર્યોને સ્પષ્ટ સૂચનાઓ આપી દેવામાં આવી છે.

ભૂતકાળમાં બનેલી અણધારી ઘટનાઓમાંથી બોધપાઠ લઈને આ વર્ષે પાણી ભરાવવાની સમસ્યા અને વીજ કરંટના જોખમો સામે વિશેષ તકેદારી રાખવા પર ભાર મૂકવામાં આવ્યો છે. શાળાના મેદાનની અંદર આવેલા કોઈ પણ બોરવેલ ખુલ્લા ન રહે તે જોવા અને વોટર હાર્વેસ્ટિંગની નાની-મોટી ટાંકીઓની મજબૂતાઈ ચકાસીને તેના પર મજબૂત ઢાંકણ ફીટ કરવા માટે આદેશ કરાયા છે જેથી કોઈ અકસ્માત ન સર્જાય.

પ્રજાપંખ
ગુજરાતી સાપ્તાહિક- સુરત

આપનાં પરિવારનો સભ્ય એટલે પ્રજાપંખ અખબાર, જેમાં તરો તાજા સમાચાર સાથે રહો અપડેટ, ચાય કી ચુસ્કી સાથે પ્રજા પંખનાં ઉત્તમ વિચારશિલ લેખોના વાંચનથી તન-મન રહે સ્વસ્થ્ય, પ્રજા પંખમાં તટ્સ્થ, નિર્ભિક સેવાકિય સમાચારોને સ્થાન, પ્રજા પંખ એટલે સંપુર્ણ સ્વસ્થ્ય વર્ધક મજબુત વિચાર ધરાવતું લોકપ્રિય અખબાર. . . .

આપ આપના આસપાસની સામાજિક, રાજકરણી, સાંસ્કુતિક કે ધાર્મિક પ્રોગ્રામ કે પછી અચાનક બનતી અન્ય ઘટનાઓની જાણ કરો, ઉપરાંત બર્થડે, બેસણું તેમજ તહેવારોમાં આપ આપની ધંધાકિય નાની - મોટી કે ટચુકડી જાહેરાત આપો તથા ઘર સુધી પ્રજાપંખ પેપર મેળવવા વોટ્સએપ પર જાણ કરો.

ખાસ ચેતવણી :

લોકપ્રિય પ્રજાપંખ અખબાર દ્વારા કોઇ પણ વ્યક્તિ, સંસ્થા કે સંગઠનને ઓર્થોરાઇઝડ કે પ્રતિનિધિ તરીકે નિમણુંક આપેલ નથી, જેથી આપને ત્યાં કોઇ પણ વ્યક્તિ આવીને, પ્રજાપંખના નામથી જાહેરાત કે અન્ય કોઇ નાણાંકિય વ્યવહાર કરે તેની જવાબદારી પ્રજાપંખની રહેશે નહી, માટે આવા ઉપરોક્ત પ્રકારની ચર્ચા કોઇ કરે તો આપ પહેલા સીધા તંત્રી તથા મેનેજીંગ તંત્રી સાથે રુબરુ કે ટેલિફોનિક ચર્ચા કરી લેવી....

Praja Pankh
prajapankh
prajapankh
99980 61470, 93747 20143
@prajapankh
prajapankh@gmail.com



સંપર્ક

મિતલ ભાવસાર- ૯૯૯૮૦૬૧૪૭૦

પ્રકાશ ભાવસાર- ૯૩૭૪૭૨૦૧૪૩

# કનકપુર હેલ્થ સેન્ટર ખાતે નગરસેવિકાઓના હસ્તે પલ્સ પોલિયો અભિયાનનો શુભ પ્રારંભ

## ૦ થી ૫ વર્ષના દરેક બાળકને પોલિયોથી સુરક્ષિત રાખવા વાલીઓને બે ટીપાં પોલિયો રસી અવશ્ય પીવડાવવાની અપીલ






**પ્રજા પંખ, સચીન-** ભારતને પોલિયોમુક્ત રાખવાના રાષ્ટ્રીય સંકલ્પને વધુ મજબૂત બનાવવા રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકા દ્વારા ૦ થી ૫ વર્ષ સુધીના તમામ બાળકો માટે વિશેષ પલ્સ પોલિયો રસીકરણ અભિયાનનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન તા. ૨૮ જૂનથી ૧ જુલાઈ સુધી સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ચાર દિવસ દરમિયાન ચલાવવામાં આવશે.

આ અવસરે કનકપુર હેલ્થ સેન્ટર ખાતે વોર્ડની નગરસેવિકાઓ રિનાદેવી રાજપૂત અને આરતીબેન ચૌધરીના હસ્તે દિપપ્રાગટ્ય બાદ સુંદર સંદેશા સાથે બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવી અભિયાનનો શુભ પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન નગરસેવિકાઓએ જણાવ્યું હતું કે, બાળકોનું સ્વસ્થ અને સુરક્ષિત ભવિષ્ય આપણા સૌની સામૂહિક જવાબદારી છે. પોલિયો જેવી ગંભીર અને કાયમી અપંગતા સર્જી શકે તેવી બીમારી સામે રક્ષણ મેળવવા માટે દરેક માતા-પિતાએ પોતાના ૦ થી ૫ વર્ષના બાળકને નજીકના પોલિયો બૂથ પર લઈ જઈ પોલિયોના બે ટીપાં અવશ્ય પીવડાવવા જોઈએ. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અગાઉ બાળકને પોલિયોની રસી અપાઈ હોય તો પણ આ વિશેષ અભિયાન દરમિયાન ફરીથી પોલિયોના ટીપાં પીવડાવવા અત્યંત જરૂરી છે, કારણ કે તે બાળકની રોગપ્રતિકારક શક્તિને વધુ મજબૂત બનાવી પોલિયો સામે વધારાનું સુરક્ષા કવચ પૂરું પાડે છે.

આ કાર્યક્રમમાં પૂર્વ સંગઠન પ્રમુખ દિપક ચૌધરી, પોલિયો પ્રોગ્રામના જખઈ ઓફિસર તથા ડેપ્યુટી એમ.ઓ.એચ. ડો. અજિત ભટ્ટ, આસિસ્ટન્ટ ડેપ્યુટી એમ.ઓ.એચ. ડો. દિનેશ પટેલ તેમજ કનકપુર હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર ડો. અક્ષય સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય વિભાગના અધિકારી એ.પી. ભટ્ટે અભિયાન અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા સંચાલિત આરોગ્ય કેન્દ્રો, સિવિલ હોસ્પિટલ, આંગણવાડી કેન્દ્રો તેમજ ખાસ ઉભા કરાયેલા પોલિયો બૂથો પર તાલીમબદ્ધ આરોગ્ય કર્મચારીઓ અને સેવિકાઓ દ્વારા બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી રહી છે. રાજ્યના દરેક બાળક સુધી રસીનો લાભ પહોચે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા વ્યાપક આયોજન અને સઘન વ્યવસ્થા કરવામાં આવી છે.

ગુજરાતને પોલિયોમુક્ત રાજ્ય તરીકે જાળવી રાખવાના મહત્ત્વપૂર્ણ હેતુ સાથે શરૂ કરાયેલા આ અભિયાનમાં તમામ વાલીઓ સક્રિય સહભાગી બને અને પોતાના બાળકોને પોલિયોના બે ટીપાં અવશ્ય પીવડાવે તેવી અપીલ કરવામાં આવી છે. અંતમાં નગરસેવિકા રિનાદેવી રાજપૂત અને આરતીબેન ચૌધરીએ 'બે બુંદ જિંદગીની'ના સુંદર સંદેશ સાથે દરેક નાગરિકને આ જનહિતના આરોગ્ય અભિયાનમાં સહયોગ આપવા અનુરોધ કર્યો હતો.

## સચિન GIDC માં ભીષણ આગ

# રોડ નંબર- ૮ નજીકના ખાલી પ્લોટમાંથી ફાટી નીકળેલી જ્વાળાઓએ અનેક ગોદામોને લપેટમાં લીધા



**પ્રજા પંખ સચીન, સુરત,** તા. ૨૯ જૂન ૨૦૨૬: સુરતના સચિન ઈઉઇ વિસ્તારમાં રોડ નંબર ૮ નજીક આવેલા એક ખાલી પ્લોટમાં સોમવારે વહેલી સવારે અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ ઝડપથી ફેલાતાં નજીક આવેલા કચરા તથા પેકિંગ મટિરિયલના ગોદામો તેની ઝપેટમાં આવી ગયા હતા.

ઘટનાસ્થળેથી ઉઠતા કાળા ધુમાડાના ગોટેગોટા દૂરથી પણ દેખાતા હતા, જેના કારણે સ્થાનિક ઉદ્યોગકારો, કર્મચારીઓ અને રહેવાસીઓમાં ભારે ગભરાટ ફેલાયો હતો. આગની જાણ થતાં જ સુરત મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડની અનેક ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. ઉપરાંત, આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને નજીકના ફાયર સ્ટેશનોમાંથી પણ વધારાની મદદ મંગાવવામાં આવી હતી.

પ્રાથમિક માહિતી મુજબ, આગ ખાલી પ્લોટમાં એકત્રિત કરાયેલા કચરામાં લાગી હતી અને ત્યાંથી નજીકના ગોદામોમાં રહેલા પેકિંગ મટિરિયલ, પ્લાસ્ટિક, કાગળ તથા અન્ય જ્વલનશીલ સામગ્રી સુધી પહોચી જતાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ફાયર ફાઇટરોએ પાણીના મારો સાથે ફોમનો ઉપયોગ કરીને આગ પર કાબુ મેળવવા સતત કામગીરી હાથ ધરી હતી. આગને કારણે આસપાસના વિસ્તારમાં ધુમાડાનું પ્રમાણ વધી ગયું હતું. વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા વિસ્તારને કોર્ડન કરીને લોકોને ઘટનાસ્થળથી દૂર રહેવા અપીલ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડ દ્વારા ઇમરજન્સી વાહનો માટે માર્ગ ખુલ્લો રાખવા પણ સૂચના આપવામાં આવી હતી.

પ્રાથમિક તબક્કે કોઈ જાનહાનિ કે ઇજાગ્રસ્ત થવાની માહિતી સામે આવી નથી, જોકે આગના કારણે ગોદામો અને તેમાં રહેલા માલસામાનને મોટું આર્થિક નુકસાન થયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. નુકસાનનું ચોક્કસ મૂલ્યાંકન આગ સંપૂર્ણપણે કાબુમાં આવ્યા બાદ કરવામાં આવશે.

આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. શોર્ટ સર્કિટ, કચરામાં સ્વયંભૂ સળગણ અથવા માનવીય બેદરકારી સહિતના તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને તપાસ શરૂ કરવામાં આવી છે. ફાયર વિભાગ અને સંબંધિત અધિકારીઓ દ્વારા ઘટનાની વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી રહી છે. વહીવટી તંત્રે ઉદ્યોગ એકમોના સંચાલકોને આગ સલામતીના નિયમોનું કડક પાલન કરવા તથા જ્વલનશીલ સામગ્રીના યોગ્ય સંગ્રહ માટે જરૂરી તકેદારી રાખવા અનુરોધ કર્યો છે.

**આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને નજીકના ફાયર સ્ટેશનોમાંથી પણ વધારાની મદદ મંગાવવામાં આવી હતી.**

## અભિષેક નાયકની ચોર્યાસી તાલુકા સંગઠન પ્રમુખ તરીકે નિમણૂક

# સાદગીભર્યા વ્યક્તિત્વ, હંમેશા હકારત્મક સ્વભાવ અને જનસેવાને સમર્પિત યુવાનને મળ્યું મહત્વપૂર્ણ દાયિત્વ




**પ્રજા પંખ, સચીન તા. ૨૭ જૂન :** વક્તાણા ગામના માજી સરપંચ અને હાલના ઉપસરપંચ શ્રી અભિષેક નાયકની ચોર્યાસી તાલુકા સંગઠન પ્રમુખ તરીકે થયેલી નિમણૂકને લઈને ગામ સહિત સમગ્ર તાલુકામાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. તેમની આ સિદ્ધિ બદલ રાજકીય, સામાજિક, શૈક્ષણિક તેમજ વિવિધ ક્ષેત્રના આગેવાનો દ્વારા અભિનંદન અને શુભેચ્છાઓનો ધોધ વહેતો થયો છે.

અભિષેક નાયક માત્ર એક રાજકીય કાર્યકર નહીં પરંતુ સાદગી, સંસ્કાર અને સેવા ભાવનાનું જીવંત પ્રતીક છે. હંમેશા હકારત્મક સ્વભાવ સાથે સૌને મળતા, લોકોના સુખ-દુ:ખ માં સહભાગી બનતા અને સમાજના દરેક વર્ગ સાથે આત્મીય સંબંધ જાળવતા યુવા નેતા તરીકે તેમણે આગવી ઓળખ ઉભી કરી છે. માત્ર ૨૮ વર્ષની યુવા વયે સરપંચ પદની જવાબદારી સંભાળી તેમણે વિકાસલક્ષી કામગીરીઓ દ્વારા લોકવિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ ગ્રામ પંચાયતના ઇતિહાસમાં પ્રથમ વખત બિનહરીફ ઉપસરપંચ તરીકે ચૂંટાઈ આવી લોકપ્રિયતાની નવી મિસાલ સ્થાપી હતી. આજે ભારતીય જનતા પાર્ટી, ચોર્યાસી તાલુકાના સંગઠન પ્રમુખ તરીકેની નિમણૂકથી તેમણે વક્તાણા ગામનું નામ સમગ્ર તાલુકામાં ગૌરવપૂર્વક ઉજાગર કર્યું છે. તેમની આ નિમણૂક વર્ષોથી કરેલી નિષ્ઠાપૂર્વકની મહેનત, સંગઠન પ્રત્યેની અડગ વફાદારી, ગામના વિકાસ માટેનું સમર્પણ અને સતત જનસેવાના પરિણામ સ્વરૂપ પ્રાપ્ત થયેલી મહત્વપૂર્ણ જવાબદારી છે.



ચોર્યાસી ધારાસભ્ય શ્રી સંદિપ દેસાઈ તથા બારડોલી ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમાર દ્વારા ખાસ અભિનંદન અપાયા. તેઓની સંગઠનના કાર્યને મજબૂત બનાવવા, કાર્યકરોને સાથે લઈને આગળ વધવાની ક્ષમતા અને જનસંપર્કની વિશેષતા ધ્યાનમાં રાખીને પક્ષ દ્વારા તેમને આ દાયિત્વ સોપવામાં આવ્યું છે. અભિષેક નાયક એવા યુવા છે કે જેઓ કોઈપણ સામાજિક, ધાર્મિક કે જાહેર હિતના કાર્યમાં હંમેશા અગ્રેસર રહે છે. તેમની વિનમ્રતા, સરળતા અને હકારત્મક સૌહાર્દપૂર્ણ સ્વભાવને કારણે તેઓ યુવાનો, વડીલો અને કાર્યકરોમાં સમાન રીતે લોકપ્રિય છે. તેમના નેતૃત્વથી સંગઠનને નવી ઊર્જા, નવી દિશા અને વધુ મજબૂતી મળશે તેવી આશા કાર્યકરો અને ગ્રામજનો વ્યક્ત કરી રહ્યા છે.

વક્તાણા ગામના ઇતિહાસમાં પ્રથમ વખત ગામના યુવાનને ચોર્યાસી તાલુકા સંગઠન પ્રમુખ જેવું મહત્વપૂર્ણ પદ પ્રાપ્ત થતાં સમગ્ર ગામમાં ગૌરવ અને ખુશીની લાગણી વ્યાપી છે. ગામના આગેવાનો, મિત્રમંડળ, યુવાનો અને શુભેચ્છકો દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે. 'સેવા, સાદગી અને સંગઠન પ્રત્યેની સમર્પિત ભાવના જ અભિષેક નાયકની સાચી ઓળખ છે' એવી લાગણી આજે ગ્રામજનો અને કાર્યકરોના હૃદયમાંથી સ્વયંભૂ વ્યક્ત થઈ રહી છે.

## બજેટ ૧૧ હજાર કરોડનું પણ અધિકારીઓની અછત

# ૧૫ મહિનામાં ત્રીજા સિટી ઈજનેર બદલાશે, ૩૦ જૂને ડી.સી. ભગવાગર નિવૃત્ત થતાં SMCને મળશે ત્રીજા ઈન્ચાર્જ સિટી ઈજનેર




સુરત- રૂપિયા ૧૧ હજાર કરોડનું જમ્બો બજેટ ધરાવતી સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્રમાં ફરી એકવાર મોટી ઉથલપાથલ જોવા મળી રહી છે. પાલિકામાં ટેકનિકલ વિભાગમાં કમિશનર પછી નંબર-૨ની પોઝિશન ગણાતા મહત્વના એવા સિટી ઈજનેરના હોદ્દા પર અધિકારીઓની અછત વચ્ચે સતત ત્રીજા ઈન્ચાર્જ સિટી ઈજનેરની નિમણૂક થવા જઈ રહી છે. ઇન્ચાર્જ સિટી ઈજનેર ડી.સી. ભગવાગર આગામી ૩૦ જૂનના મંગળવારે વય નિવૃત્ત થઈ રહ્યા હોવાથી પાલિકાની વહીવટી પાંખમાં નવા ચહેરાને લઈને તર્કવિતર્કોનો દોર શરૂ થઈ ગયો છે. આ નવા ચહેરાની પસંદગી માટે પાલિકા કમિશનર એમ. નાગરાજનના વલણની સાથે શાસકોની ભૂમિકા પર પણ વિશેષ મીટ માંડવામાં આવી રહી છે.

પાલિકા તંત્રમાં છેલ્લા ૧૫ મહિનામાં વયનિવૃત્તિને કારણે ત્રણ-ત્રણ સિટી ઈજનેર બદલાયા હોવાનો એક વિચિત્ર સંયોગ જોવા મળ્યો છે. ૧૫ મહિના સુધી માત્ર બે ઈન્ચાર્જ સિટી ઈજનેરના ભરોસે જ આખી પાલિકા તંત્રનું ગાડું ગબડતું રહ્યું છે, અને હવે સતત ત્રીજા ઈન્ચાર્જ સિટી ઈજનેર કાર્યભાર સંભાળશે. આ અગાઉ, ગત ૩૧ માર્ચના રોજ નિયમિત સિટી ઈજનેર તરીકે ફરજ બજાવતા અક્ષય પંડ્યા નિવૃત્ત થયા હતા. ત્યારબાદ જતીન દેસાઈને ઈન્ચાર્જ સિટી ઈજનેર બનાવવામાં આવ્યા હતા. જોકે, માત્ર ૮ માસના ટૂંકા ગાળામાં જતીન દેસાઈ પણ વયનિવૃત્ત થતાં ડિસેમ્બર-૨૦૨૫માં સિનિયોરિટીના આધારે ડી.સી. ભગવાગરને ઈન્ચાર્જ સિટી ઈજનેરની જવાબદારી સોપાઈ હતી. હવે ૩૦ જૂનના રોજ ડી.સી. ભગવાગર પણ નિવૃત્ત થઈ રહ્યા હોવાથી ૧ જુલાઈથી નવા સિટી ઈજનેર પાલિકાનો વહીવટ સંભાળશે. પાલિકામાં સતત થઈ રહેલી નિવૃત્તિ અને બદલીઓના કારણે કાર્યરત અધિકારીઓ પર પહેલેથી જ વિવિધ કામગીરી અને વિભાગોનું ભારે દબાણ છે. હવે ઇન્ચાર્જ સિટી ઈજનેર નિવૃત્ત થતાં જવાબદારીઓમાં વધુ જંગી વધારો થશે. નિવૃત્ત થઈ રહેલા ડી.સી. ભગવાગર પાસે બ્રિજ વિભાગ અને ગાર્ડન વિભાગ સહિતના ચાર મહત્વના વિભાગોનો ચાર્જ હતો, જેથી હવે તેમના આ વિભાગોની વહેંચણી કેવી રીતે કરવી તે મોટો પ્રશ્ન બનશે.

**૧૫ મહિના સુધી માત્ર બે ઈન્ચાર્જ સિટી ઈજનેરના ભરોસે જ આખી પાલિકા તંત્રનું ગાડું ગબડતું રહ્યું છે, અને હવે સતત ત્રીજા ઈન્ચાર્જ સિટી ઈજનેર કાર્યભાર સંભાળશે. આ અગાઉ, ગત ૩૧ માર્ચના રોજ નિયમિત સિટી ઈજનેર તરીકે ફરજ બજાવતા અક્ષય પંડ્યા નિવૃત્ત થયા હતા.**

# સુરતના ફુલપાડામાં વર્ષો જૂના મકાનના રસોડાની છત ધરાશાયી, કાટમાળ નીચે દબાયેલી મહિલાનું દિલધડક રેસ્ક્યૂ



સુરત- સુરતના અશ્વિની કુમાર રોડ પર આજે એક મોટી દુર્ઘટના સર્જાતા સહેજમાં અટકી હતી. અશ્વિની કુમાર વિસ્તારના ફુલપાડા ખાતે આવેલા બ્રાહ્મણ ફળિયાના ગીતાનગરમાં એક વર્ષો જૂના મકાનના રસોડાની છત અચાનક ધડાકાભેર ધરાશાયી થઈ ગઈ હતી. આ અકસ્માત સમયે એક મહિલા રસોડામાં હાજર હોવાથી કાટમાળ નીચે દબાઈ ગઈ હતી. જોકે, સ્થાનિક લોકો અને ફાયર વિભાગની તત્પરતાને કારણે મહિલાને હેમખેમ બહાર કાઢી હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, ગીતાનગરમાં આવેલા આ જર્જરિત મકાનમાં ૪૬ વર્ષીય વિમલબેન મૈસૂરિયા નામના મહિલા રસોડામાં જમવા માટે બેઠા હતા. બરાબર એ જ સમયે વર્ષો જૂના મકાનના કિચનની છતનો મોટો હિસ્સો અચાનક તૂટી પડ્યો હતો. કંઈ પણ સમજાય તે પહેલાં જ વિમલબેન કાટમાળની નીચે દબાઈ ગયા હતા. ધડાકાનો જોરદાર અવાજ આવતા જ આસપાસના રહીશોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી.

OWNER, PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS, -29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230